# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૩૪ • તા.૨ નવેમ્બર થી ૮ નવેમ્બર ૨૦૨૪




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



## નવું વર્ષ આપ સૌના જીવનમાં હર્ષ, ઉમંગ અને સમૃદ્ધિ લાવે તેવી શુભેચ્છા સાથે સૌને

# નૂતન વર્ષાભિનંદન



## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન


Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... 

**સંપાદક સ્થાનેથી**

# સખત મહેનતનો કોઈ પર્યાય નથી

કોઈ અજાણ્યા વ્યક્તિને મળીએ એટલે પરિચય વધારતા તેનું નામ શું છે એ પ્રથમ પૂછીએ છીએ. પછી અભ્યાસ, હાલ શું કરે છે, ક્યાં રહે છે, ક્યાં નો મૂળ વતની છે એ બધી વિગતોથી તેનો વધુ પરિચય વધુ મેળવી નજદિકી થાય એવો પ્રયાસ કરીએ છીએ. આમ નામથી શરૂ થતી ઓળખાણનું મૂળ કામકાજ છે. સખત મહેનત, કર્મકામથી નામ મળ્યું અને નામથી સર્વત્ર ઓળખ સ્થાપાઈ.

નામ આપણા જીવન કાળ માટે મહત્વનું છે. જે જીવન પર્યંત, ને ત્યાર બાદ મૃત્યુબાદ પણ ઓળખ જળવાઈ રહે એ માટે જીવંત જેવો રહે છે. શેકસપિઅરએ આમ ભલે કહ્યું છે કે ‘નામમાં શું બળ્યું છે?’ પણ દરેક એંગલથી જોઈએ કે વિચારીએ તો નામ એ જ આપણી ઓળખ છે અને આપણું કામ, કામ પ્રત્યેની નિષ્ઠા, વફાદારી અને સર્મપણ નામ પાછળનું પ્રેરક બળ છે.

પા પા પગલી ચાલતા નાનકડા બાળક માટે રેતીનો નાનકડો ઢગલો ઓળંગવો કઠિન છે. તો એવી જ તકલીફ યુવાન વયની કોઈ વ્યક્તિને નાનકડા મુકામ સુધી પહોંચવા પહાડ જેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સાહસ, નીડરપણું અને સખત પરિશ્રમ દ્વારા મંઝિલ સિધ્ધિ મળે પછી જ નામની ઓળખ સર્વત્ર પ્રસરે છે. માટે સહેજ પણ સરળ નથી નામવંત બનવું. જગ મશહૂર બનવા કંઈક નવું કામ નવતર કાર્ય કે અદ્ભૂત સિધ્ધિ મેળવી પડે છે. પણ જગ બત્રીસીએ ચડવા, લોકોમાં ચર્ચિત થવા, બદનામ થવા પણ કંઈક અજુગતું કરવા નિમિત બનવું પડે છે. આમ સમાજમાં શ્રેષ્ઠ ઉદારણ બનવા સખત સંઘર્ષ કરી સિધ્ધિ મેળવી પડે છે તો બદનામ થવા ચપટી જેટલું બદકાર્ય કરવું બસ થઈ રહે છે.

સખત મહેનતનો કોઈ પર્યાય નથી. નામ જાળવી શાખને બચાવી સાચવીને કોઈપણ કાર્ય કરવું અઘરૂં છે. લોકોને નરી આંખે મળેલું ફળ તરત દેખાય છે. પણ ફળ પ્રાપ્તિ પાછળ કરેલી સખત મહેનત, આકરી મજૂરી સહન કરેલા કષ્ટથી અજાણ હોય છે. નામ કમાવું અઘરી વસ્તુ છે. ભલે એ ચાર કે ચાલીસ વ્યક્તિઓ વચ્ચે હોય કે ચાલીસ લાખ લોકો વચ્ચે હોય. મહેનત અને સખત મહેનત પછી જ આ વસ્તુ સિધ્ધિ થઈ શકે છે. માટે જ સખત મહેનતનો કોઈ પર્યાય નથી. આમ સિધ્ધિ શિખર પામવાનો કોઈ શોર્ટ કટ નથી. અવિરત શ્રમ અને કષ્ટથી મળેલ નામ પાછળ ખર્ચેલી મહેનત કદી વ્યર્થ નથી જતી. મશહૂર નામ થકી મળેલ નામના મહેંક સતત ખુશ્બૂ આપતી રહે છે. એ સૌ માટે ઉદાહરણ રૂપ બને છે અને પ્રેરણાદાયક પણ થઈ રહે છે. આ સિધ્ધિનો દાખલો સૌને મોંઢે હોય છે, તો ક્યારેક પુસ્તિકોમાં સંગ્રહિત થઈ ભવિષ્યની પેઢી માટે સતત પ્રેરણાનો સ્ત્રોત આપતો રહે છે. આમ સખત સંઘર્ષ પછી મળેલ સમાજ દ્વારા સન્માન વ્યક્તિ માટે ગૌરવ રૂપ હોય છે, ગર્વ પૂર્ણ હોય છે. ઉન્નત મસ્તક, રાખીને ચાલી શકાય એવો મોકો અર્પે છે. આ સન્માન પાછળ સખત મહેનત, દ્રઢ આત્મવિશ્વાસ અને ભરપૂર સાહસ કરવાની નિષ્ઠા જરૂરી છે.

- જય જ્ઞાતિમૈયા

# પ્રભુનું પ્રત્યક્ષ સ્વરૂપ-મા

## ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહીં
## અગણિત છે ઉપકાર એના, એ કદી વિસરશો નહીં

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સંત પુનિત રચિત આ રચના માવતર ભક્તિની ઉત્તમ ગીતા જેવી અમર છે. આ વાંચી, સાંભળી એક એક સંતાનના ચક્ષુ સમક્ષ માતા-પિતાના ચહેરા સન્મુખ દેખાય છે. સંતાન રૂપી બીજ વધીને તરૂવર બને છે, જ્યારે પોતે પિતા બને છે કે માતા બને છે ત્યારે પોતાના માતા પિતાએ સ્વસુખનો ભોગ આપી સંતાનનું સુખને પ્રાધાન્ય આપ્યું હતું તે એક એક ક્ષણની યાદ આવી જાય છે કારણ કે આ જગતમાં 'મા' જેવો ઉત્તમ કોઈ ખોળો નથી અને 'પિતા' જેવો ઉત્તમ કોઈ ખભો નથી.

આપણા જન્મદાતાનું ઋણ ક્યારે પણ ચૂકવી શકીએ એટલા સમર્થ નથી. માવતર માટે આપણે જેટલો ત્યાગ કરીએ એટલો ઓછો છે. એમના માટે જેટલો ભોગ આપી એટલો ઓછો પડે. મા એ આપણને જન્મ આપ્યો. ઉછેરયા, ભણાવ્યા, ગણાવ્યા, પરણાવ્યા આમ પોતાની નીતિ રીતિ, કર્મ-ધર્મથી આપણું પાલન પોષણ કર્યું અને સંસાર વ્યવહારમાં ઠરી ઠામ કર્યા. ભગવાને પ્રેમનું સર્જન કર્યું હશે ત્યારે સૌથી પ્રથમ માતા બનાવવાનું વિચાર્યું હશે. વાત્સલ્યની જીવતી જાગતી મૂર્તિ એટલે મા. એના જેવી વ્યક્તિ આ જગમાં ક્યાંય મળે નહીં. માતાનો જોટો સમગ્ર જગમાં જડવો મુશ્કેલ છે.

નવ મહિના ઉદરમાં પોષી સ્વના રક્ત, માંસ, મજ્જાથી જીવનું સર્જન અને જતન કરી સંતાનનું જગમાં અવતરણ કરાવનાર સર્જનહાર મા જગત નિયંતાની સમકક્ષ છે. પોતાના રૂપ રંગ, આકારને ન ગણકારી કેવળ સંતાનનું સુખને લક્ષ્ય બનાવી પોતાની પ્રોફેશનલ કારકિર્દીનું બલિદાન પણ આપવા પાછી પાની નથી કરતી. સંતાનનું લાલન પાલન કરી સુયોગ્ય ઘડતર કરનાર માતાની મૂલ્યવાન સેવા અને અમૂલ્ય ત્યાગનો વળતર સંતાન કઈ રીતે વાળી શકે?

બાળક ઉદરમાં હોય ત્યારથી લઈને મોટું, સમજણું થાય ત્યાં સુધી અનેક કષ્ટો સહી, પોતાના જીવનની મૂલ્યવાન ક્ષણો-સમયને ભોગે બાળકની માવજત કરે, જતન કરે છે. માતા બાળકની એક મુસ્કાન માટે પોતાની અનેક ખુશીઓને ન્યોછાવર કરી દે છે. માતા ત્યાગની મૂર્તિ, બલિદાનની મૂર્તિ, સૌજન્ય અને સંસ્કારની મૂર્તિ, પ્રેમ-સ્નેહ અને ભાવનાની અખંડ મૂર્તિ છે. મા શબ્દ જ મમતાથી ભરેલો છે. માતા સાગર જેટલી અગાધ-ઊંડી છે પણ તેના જેવી ખારાશવાળી નથી. માતા વાયુ જેવી ગતિશીલ છે પણ તેના જેવી અદૃશ્ય નથી. માતા અંબર-આકાશ જેવી વિશાળ છે પણ કોઈ તેને આંબી શકે એટલી દૂર નથી. આમ માતા મહેરામણ, અંબર અને વાયુ જેવી ગુણવાન છતાં હાથ પહોંચે એટલી નજીક સંતાન ગોદમાં સમાઈ શકે એટલી ઉદાર, સ્નેહાળ, દયાળુ તથા મમતામયી છે. પ્રભુ અદ્રશ્ય રહી સર્વેની સંભાળ જતન રાખે છે પણ માતા તો નજર સમક્ષ રહી પ્રત્યક્ષપણે બાળકોને સંવારે છે, સંભાળે છે. જે પ્રભુ તુલ્ય કાર્ય છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી ક.દ.ઓ.વિ.મહાજન જલગામ-કચ્છ કેસરી ફાઉન્ડેશન જલગામના ઉપક્રમે યોજાયેલ ફેમિલી ગેટ ટુ ગેધરને મળી અદ્‌ભૂત સફળતા



તા.૨૬ ઓક્ટોબર શનિવારના રોજે શ્રી કચ્છી દશા વિશા ઓસવાલ મહાજન જલગામ અને કચ્છ કેસરી જૈન ફાઉન્ડેશન જલગામના સંયુક્ત ઉપક્રમે ધમાલ ૨૦૨૪ ફેમિલી ગેટ ટુ ગેધર યોજાયું. જેમાં શ્રી ક.દ.ઓ.વિ. જલગામ સમુદાયના પરિવારજનો આનંદ, ઉમંગ, ખુશી સંગે કાર્યક્રમમાં ભાગ લઈ અનહદ સફળ બનાવ્યો.

ઉપસ્થિત નાના મોટા, તમામ ઉંમર, ભાઈ-બહેનો બાળકોએ ગરબા તથા દાંડીયા રાસની રમઝટ જમાવી હતી. સાથે સાથ નવા મિત્રોનો પરિચય કરવાની તક ઝડપી લીધી હતી અને પરિચિતજનો સાથે વાર્તાલાપ અને યાદોનો પટારો ખોલ્યો હતો. ગરબા દાંડિયા રમતા રમતા સંબંધને મજબૂત બનાવ્યો હતો જે જીવનભર ટકી રહેશે. સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ સૌએ સંગાથે માણ્યો હતો. જે ખરેખર સમાજની મૈત્રી ભાવનાને દ્રઢ બનાવતી હતી.

યાદગાર ઈવેન્ટનું આયોજન કરવામાં અને તેમાં ભાગ લેવા માટે મદદરૂપ થનાર દરેકનો આયોજકો આભાર માન્યો હતો. ભવિષ્યમાં વધુ મેળાવડા યોજવા સૌ રાહ જોવા તત્પર બન્યા છે તેઓની ઈચ્છા જરૂરથી પૂર્ણ કરવા કટિબધ્ધ રહેશે. એવી ખાત્રી હિતેશ પોલડીયા, ધર્મેન્દ્ર ગોસર, ભરત સાવલા, પ્રતિક મોમાયા ટીમ કચ્છ કેસરી જૈન ફાઉન્ડેશન જલગામ એ આપી છે.



# શ્રી ક.દ.ઓ.વિ.મહાજન જલગામ-કચ્છ કેસરી ફાઉન્ડેશન જલગામના ઉપક્રમે યોજાયેલ ફેમિલી ગેટ ટુ ગેધરને મળી અદ્ભૂત સફળતા



કાર્યક્રમના મુખ્ય આધાર સ્તંભ સતરા પરિવાર, સૌ.શિલ્પા કલ્પેશ છેડા, માતુશ્રી જવેરીબેન કાંતિલાલ દેઢિયા અને જયંતિલાલ મુલજી ગાલા પરિવાર જ્યારે સહયોગી આધાર સ્તંભ લલિતભાઈ વર્ધમાનભાઈ લોડાયા, સાધનાબેન અશોકભાઈ જૈન, માતુશ્રી ભાગ્યવંતીબેન હિરાચંદ મોમાયા, કુમારભાઈ લક્ષ્મીચંદ પોલડિયા, માતુશ્રી નિર્મલાબેન હેમંત શાહ, હૃદય હિતેશભાઈ પોલડિયા, માતુશ્રી ચંદનબેન મોરારજી પોલડિયા, સૌ.વર્ષાબેન જયેશભાઈ દેઢિયા, માતુશ્રી શાંતાબેન મોરારજી વોરા, સૌ.તૃપ્તિબેન કેતન નાગડા, માતુશ્રી શેવંતાબાઈ વર્ધમાનભાઈ લોડાયા હસ્તે નીતિનભાઈ લોડાયા તથા માતુશ્રી દમયંતિબેન યોગેન્દ્રભાઈ ગોસર રહ્યાં હતાં.





# કોઠારામાં મહાકાળી પૂજન યોજાયું









અબડાસા મોટી પંચતીર્થીનાં કોઠારા ગામે પૂ. સાધ્વી શ્રી જયધર્માશ્રીજી મ.સા. ની શુભ પાવન નિશ્રામાં અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીનું પૂજન યોજાયું હતું. પૂજનનો લાભ ભાગ્યશાળી દાતાશ્રીઓ હંસાબેન હીરાચંદ પટેલ, કસ્તુરબાઇ હીરાચંદ મુનવર, પ્રેમાબાઇ લાલજી અજાણી, જયાબાઇ ટોકરશીં લોડાયા, પુષ્પાબાઇ હીરાલાલ જીવાણી, કસ્તુરબાઇ રાયચંદ છેડા પરિવારે લીધો હતો.

નીકેશ દેઢીયા એન્ડ પાર્ટીએ સંગીતનાં સથવારે શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે પૂજનમાં ભારે રમઝટ જમાવી હતી. બહેનો માતાજીનાં રાસ ગરબા સાથે નાચી-ઝુમી ઉઠયા હતા. દુલ્હારી નાગડાએ સંગીતમય માતાજીનાં ગરબા ગાયા હતા. દામજીભાઇ મૈશેરી, પ્રેમચંદ મોમાયાએ ચામરનૃત્યની રમઝટ જમાવી હતી.



# કોઠારામાં મહાકાળી પૂજન યોજાયું










દીનેશભાઇ અજાણી, પ્રબોધ મુનવર, ઝવેરચંદ ખોના, ધનપતિ લોડાયા, હરીશ લોડાયા, લલીત ડાઘા, પ્રફુલ્લ નાગડા, રમેશ ખોના, ગુલાબભાઇ લોડાયા, પારસ ડાઘા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.ભક્તિ-ભાવ સાથે મહાકાળી પૂજન ભણાવાયું હતું. બપોરનું સ્વામિવાત્સલ્ય શ્રી કોઠારા જૈન મહાજનશ્રી દ્વારા યોજાયું હતું.

વ્યવસ્થા દીનેશ અજાણી, પ્રબોધ મુનવર, પનુભા ધલ, ગીરીશ મોમાયા, તોરલબેન શાહનંદ, રમીલાબેન લોડાયા, પ્રદિપ મુનવર, દીનેશ મોતા, ધનપતિ લોડાયા, નીલેશ લોડાયા, અશ્વીન બાયડે સંભાળી હતી.

# શ્રી ક.દ.ઓ. જૈન મહાજનશ્રી ભુજ દ્વારા તપસ્વીઓનું સન્માન તથા ભાવના યોજાયા

















શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા મહાકાળી માતાજીની ભાવના તથા તપસ્વીઓનાં બહુમાનનો કાર્યક્રમ એકમ ભવન ભુજ મધ્યે યોજાયો હતો.

મહાકાળી માતાજીની ભાવના માતુશ્રી હીરબાઇ ચત્રભોજ લોડાયા, શ્રીમતિ લેખાબેન મહેશભાઇ લોડાયા પરિવાર દ્વારા યોજાઇ હતી. ભાવનામાં પ્રબોધ મુનવર, દિલીપ મોતા, જયાબેન મુનવર, હેતલ મોમાયા, ગીતાબેન લોડાયા, અમીતા જૈન, હર્ષા શાહ, લલીત ડાઘા, ખુશાલ ખોનાએ ભારે રમઝટ જમાવી હતી. અનીલ શાહ, હીરાચંદ છેડા, કનિષ્ક શાહે ઢોલ વગાડી સંગીત રસ પીરસ્યો હતો.

પર્યુષણ મહાપર્વે ૧૬ ઉપવાસ, ૮ ઉપવાસ તથા વર્ષિતપ, સિદ્ધતપ કરેલ તપસ્વી ભાઇ-બહેનોનું શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજનશ્રી ભુજ દ્વારા બહુમાન કરવામાં આવેલ. અને તપની અનુમોદના કરવામાં આવેલ.

# શ્રી ક.દ.ઓ. જૈન મહાજનશ્રી ભુજ દ્વારા તપસ્વીઓનું સન્માન તથા ભાવના યોજાયા










શ્રી કચ્છી દશા ઓશવાળ માંડવી જૈન સંઘ દ્વારા પ્રબોધ મુનવરનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ.

કાર્યક્રમનાં અલ્પાહારનાં દાતા પ્રિતિબેન ડુંગરશીં મોમાયાનું સમાજ દ્વારા સન્માન કરવામાં આવેલ.સમાજવાસીઓએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમ માણ્યો હતો.

પ્રબોધ મુનવર, પ્રિતિબેન મોમાયાએ પ્રાસંગિક ઉદબોધન કરી તપસ્વીઓનાં તપની અનુમોદના કરી હતી. લક્ષ્મીચંદભાઇ પોલડીયા, ઝવેરચંદભાઇ ખોના, ઉદય વિકમશી, અનીલ શાહ, ઠાકરશીંભાઇ મૈશેરી, હરીશ લોડાયા, ખુશાલ લોડાયા, કલ્યાણજીભાઇ ડાઘા, મણીલાલભાઇ ગોશર, મીતેષ મોતા, પ્રફુલ્લભાઇ નાગડા, નેમીન ખોના, દિલીપ સાયલા, વિનય હેફા, રમેશ ખોના, કૃણાલ ડાઘા, કાન્તીલાલ પોલડીયા, પ્રદીપ દંડ તથા સમાજવાસીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે જયારે આભાર દર્શન દિલીપ મોતાએ કરેલ. વ્યવસ્થામાં હીરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા, તુષાર જૈન, અભય ધરમશી, પંકજ નાગડા, દિપેશ શાહ, જય લાપસીયાએ સહકાર આપ્યો હતો.

# શ્રી ક.દ.ઓ. જૈન મહાજનશ્રી ભુજ દ્વારા તપસ્વીઓનું સન્માન તથા ભાવના યોજાયા



પુજાબેન લલિતભાઈ ડાઘા-૧૬ ઉપવાસ,હેતલબેન નિતિનભાઈ લોડાયા-૧૬ ઉપવાસ, પ્રાંજલીબેન હેમન્તભાઈ છેડા-૮ ઉપવાસ, ઝરનાબેન પુષ્પકભાઈ લોડાયા-૮ ઉપવાસ, જેનીલભાઈ ગિરીશભાઈ મોમાયા -૮ ઉપવાસ, નયનાબેન દિવેશભાઈ મુનવર-૮ ઉપવાસ, ધ્યાનભાઈ દિવેશભાઈ મુનવર-૮ ઉપવાસ, નિરવભાઈ દિલીપભાઈ મોતા-૮ ઉપવાસ, રીટાબેન નિરવભાઈ મોતા-૮ ઉપવાસ, મિરલબેન ધવલભાઈ છેડા-૮ ઉપવાસ, ધ્રુવીબેન હર્ષભાઈ છેડા-૮ ઉપવાસ,દિનેશભાઈ શિવજીભાઈ લોડાયા-૮ ઉપવાસ, ધ્રુવભાઈ હેમંત મોમાયા-૮ ઉપવાસ, ઉદયભાઈ હેમંત મોમાયા-૮ ઉપવાસ, નિલભાઈ દિલીપભાઈ સાયલા-૮ ઉપવાસ, રાજુલાબેન લિરેશભાઈ કારાણી-સિદ્ધી તપ, લિલાવંતીબેન હિરાચંદભાઈ છેડા-વર્ષી તપ.





# કચ્છ એકમ દ્વારા સામાન્ય સભા યોજાઈ







શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન કચ્છ એકમ સંસ્થા દ્વારા સામાન્ય સભા એકમ-ભવન ભુજ મધ્યે સંસ્થાનાં અધ્યક્ષ શ્રી મહેશભાઇ લાલકાનાં પ્રમુખ પદે યોજાઇ હતી. પ્રારંભે નવકાર મંત્ર બાદ વર્ષ દરમ્યાન અવસાન પામેલા સમાજવાસીઓને બે મિનિટ મૌન પાડી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ.

શ્રી મહેશભાઇ લાલકાએ સ્વાગત પ્રવચન કરી સૌને મીઠડો આવકાર આપ્યો હતો. મંત્રી શ્રી લહેરચંદભાઇ ખોનાએ સંસ્થાની પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી આપી હતી. નિરંજનભાઇ લોડાએ હિસાબોની રજુઆતો કરી હતી.

અરવિંદભાઇ લોડાયા, પ્રબોધ મુનવર તથા સર્વે કારોબારી સભ્યો તથા સંસ્થાનાં સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો હતો.

# કચ્છ એકમ સંસ્થા દ્વારા સમાજનાં ભુજ–માંડવીનાં તેજસ્વી તારાલાઓને સન્માનિત કરાયા





















શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન કચ્છ એકમ દ્વારા ભુજ–માંડવી વિસ્તારનાં વાર્ષિક પરીક્ષામાં ઉતીર્ણ થયેલ સમાજનાં તેજસ્વી તારલાઓનો સરસ્વતી સન્માન સમારોહ એકમ ભવન ભુજ મધ્યે યોજાયો હતો.

પ્રબોધ મુનવર, દિલીપ મોતા, હીરાચંદ છેડા, હરીશ લોડાયા, કૃણાલ ડાઘા, પ્રિતિબેન મોમાયા, જયાબેન મુનવર, જયુબેન શાહે મંચને શોભાવ્યું હતું.

કચ્છ એકમ સંસ્થા વતી શ્રી પ્રબોધ મુનવરે સ્વાગત પ્રવચન કરી સૌને મીઠડો આવકાર આપતાં કચ્છ એકમ સંસ્થાની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. તેમજ સમાજનાં તેજસ્વી તારલાઓની સિદ્ધિઓને બિરદાવી હતી.

# કચ્છ એકમ સંસ્થા દ્વારા સમાજનાં ભુજ-માંડવીનાં તેજસ્વી તારાલાઓને સન્માનિત કરાયા











પ્રિતિબેન મોમાયાએ સમાજનાં તેજસ્વી તારાલાઓને અભ્યાસમાં ખૂબ જ આગળ વધવા ભાર મૂક્યો હતો. તેમજ નાના બાળકોને મોબાઇલથી દૂર રહેવા સલાહ આપી હતી.

કૃણાલ ડાઘાએ ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક સહાય ક્યાંથી કંઇ રીતે મળી શકે તેની તથા સ્કોલરશીપની માહિતી આપતાં બાળકો માટે યોજાયેલ ઇનામ વિતરણ સમારંભ કાર્યક્રમની સરાહના કરી હતી.ભુજ-માંડવીનાં સમાજનાં તેજસ્વી તારલાઓએ ખુશી વ્યક્ત કરી હતી. અલ્પાહાર પ્રિતિબેન ડુંગરશીં મોમાયા પરિવાર દ્વારા યોજાયું હતું.

કચ્છ એકમ સંસ્થાનાં પ્રમુખ શ્રી મહેશભાઇ લાલકા, ઉપપ્રમુખ અરવિંદ લોડાયા તથા મંત્રી લહેરચંદભાઇ ખોનાએ કાર્યક્રમને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન હીરાચંદ છેડા તથા તુષાર જૈને કર્યું હતું. આભાર દર્શન હરીશ લોડાયાએ કરેલ. વ્યવસ્થામાં હીરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા, તુષાર જૈન, અભય ધરમશીં, પંકજ નાગડા, દિપેશ શાહ, જય લાપસીયા, નિરવ મોતા, વિશાલ હેફાએ સહકાર આપ્યો હતો.

# કચ્છ એકમ સંસ્થા દ્વારા સમાજનાં ભુજ-માંડવીનાં તેજસ્વી તારલાઓને સન્માનિત કરાયા












લક્ષ્મીચંદભાઇ પોલડીયા, ઝવેરચંદભાઇ ખોના, ઉદય વિક્રમશી, અનીલ શાહ, ઠાકરશીંભાઇ મૈશેરી, ખુશાલ લોડાયા, કલ્યાણજીભાઇ ડાઘા, મણીલાલભાઇ ગોશર, મીતેષ મોતા, પ્રફુલ્લભાઇ નાગડા, નેમીન ખોના, દિલીપ સાયલા, વિનય હેફા, રમેશભાઇ ખોના, તીલકભાઇ ડાઘા, કૃણાલ ડાઘા, કાન્તીલાલ પોલડીયા, પ્રદીપ દંડ, અનીલાબેન વિક્રમશી, ગીતાબેન લોડાયા, લીલાવંતીબેન છેડા, દિમીબેન મોતા, ડિમ્પલ ધરમશી, હેતલ મોમાયા, અમીતા જૈન, લતાબેન ખોના, દમયંતીબેન મોતા, જયાબેન દંડ, નિરુપમાબેન લોડાયા, સુશીલાબેન દંડ, રચના વિક્રમશી, માલતીબેન ડાઘા, હર્ષા શાહ, મીનાબેન મૈશેરી, જયશ્રીબેન જીવાણી, વિશાખા શાહ, નયનાબેન મુનવર, સંગીતા નાગડા, જીગ્ના લોડાયા,મનીષા હેફા, ખુશ્બુ હેફા, મીરલ છેડા, ધ્રુવી છેડા, તથા સમાજવાસીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


# સંજીવની કેસ નં.૧૫૮-૧૫૯ માટે જરૂરી રૂા.૨.૮૬ જમા થઈ જતાં બંન્ને કેસ ક્રાઉડ ફંડિગમાંથી પાછા લેવાયા




૪૬ વર્ષીય શ્રીમતી રેખા હિરેન લોડાયા તેરા-ડોંબિવલીને સ્તન કેન્સર હોવાનું ડોક્ટરોએ નિદાન કર્યું છે. જેની ઉપર તાત્કાલિક સર્જરી જરૂરી હોવાની ભલામણ કરી છે. પરિવારમાં તેમના પતિ એક છે જેઓ કમાણી કર્તા છે. જેમની આવકથી જીવન ગુજારો ચાલે છે. પરિવારનો વધુ એક સભ્ય દર્દી તરીકે પથારીવશ છે. પરિવારની નથી કોઈ બચત કે નથી વીમાનું પીઠબળ. હોસ્પિટલ દ્વારા ઓપરેશન અને ઈલાજ માટે રૂા.૧.૯૨ લાખના ખર્ચનો અંદાજ આપેલ છે.

બિમારી વશ આર્થિક બોજનું વહન કરવા અસમર્થ લોડાયા પરિવારએ ઈલાજ માટેની રકમ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે અરજી અને જરૂરી ડોક્યુમેન્ટ્સ રજૂ કર્યા છે. આ અરજીને સંજીવની કેસ નં.૧૫૮ દ્વારા નોંધેલ છે.

# સંજીવની કેસ નં.૧૫૮-૧૫૯ માટે જરૂરી રૂા.૨.૮૬ જમા થઈ જતાં બંન્ને કેસ ક્રાઉડ ફંડિગમાંથી પાછા લેવાયા




અન્ય એક અરજી કેસ નં.૧૫૯ મુજબ ૭૧ વર્ષીય વડીલ મહેન્દ્ર રૂપશી ધરમશી રંગપુર-ડોંબિવલીને ડાબી બાજુ હેમીપ્લેજિયાને કારણે પથારીવશ છે. તે સાથે એલ્ગીડ મેલેરિયાને કારણે શોક, સેપ્સિસ અને એક્યુટ કિડનીને ઈન્જરી થઈ હોવાથી હોસ્પિટાલાઈઝડ કરવા પડ્યા હતા. હોસ્પિટલ દ્વારા રૂા.૯૪ હજારનો અંદાજિત ખર્ચ સારવાર માટે અપાયો છે.

દર્દી છેલ્લા ૧૦-૧૨ વર્ષથી પથારીવશ છે. પત્ની સાથે રહે છે. પુત્ર જે સામાન્ય માસિક આવક રળે છે જે તેમના રોજિંદા ખર્ચાઓને માંડ માંડ આવરી લઈ શકે છે. પરિવારની કોઈ બચત નથી કે નથી કોઈ વીમાનો કવચ. કપરી પરિસ્થિતિમાં મૂકાયેલ પરિવાર સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે મદદ માટે ગુહાર લગાવી છે.

ઉપરના બંન્ને અરજી કેસ માટે જરૂરી મદદ રૂા.૧.૯૨ લાખ તથા રૂા.૯૪ હજાર માટે ક્રાઉડ ફંડિગમાં મૂકેલ. જે નોંધપાત્ર સમયમાં જ જરૂરી ભંડોળ મળી જતાં બન્ને કેસનું ક્રાઉડ ફંડિગ બંધ કરેલ.

સંજીવની કેસના આજ સુધીના દરેક કેસની જેમ આ બંન્ને સંજીવની કેસમાં ઉદારદિલ વ્યક્તિગત દાતાઓ, મહાજનો, મંડળો ટ્રસ્ટ અને એકમો એ જે ઉદાર ભાવ દર્શાવી જે માનવતાનું ઝરણું વહેડાવી ઉમદા દ્રષ્ટાંત દર્શાવ્યું છે. સૌ સહયોગ કર્તાઓની વંદના સાથે મેડિકલ સમિતિ અનુમોદના કરે છે.

# સંજીવની કેસ નં.૧૬૦ માટે જોઈતી રકમ રૂા.૨.૨૦ માટે ક્રાઉડ ફંડિગ શરૂ છે

Samast Mahajan, Sanjivani Initiative

## CASE No.: 160

## DONATION NEEDED!

### Mr. HARESH SHAMJI LODAYA

**Age-64 yrs, Dombivali, Tera**

He is suffering from Chronic kidney Disease, on Haemodialysis. He got admitted due to Gastroenteritis, severe loose motions and Melena. He has obstructive airway disease,



**DONATION REQUIRED**
**Rs. 2.20 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda **Branch :** Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARBODBMULW **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

કચ્છ તેરાના હાલે ડોંબિવલી રહેતા ૬૪ વર્ષીય હરેશભાઈ શામજી લોડાયા છેલ્લાં ૧૨ થી ૧૫ વર્ષથી ક્રોનિક કિડનીની વ્યાધિથી પીડિત છે અને હેમોડાયા બિસિસ પર અવલંબિત છે. હાલે ગેસ્ટ્રોએન્ટેરિટિસની ગંભીર તકલીફ અને મેલેનાને કારણવશ તેમને હોસ્પિટલમાં ભરતી કરાયા છે. તેમને હળવા અવરોધક એરવે રોગ પણ છે.

પત્ની સાથે રહેતા દર્દીને પરણિત દીકરીઓ છે. તેઓ અગાઉ વડોદરામાં રહેતા હતા. જ્યાં દાબેલીની દુકાન ચલાવી નાનો એવો ધંધો કારોબાર કરતા હતા. લાંબા બિમારીને કારણે તેમની બધી બચત વપરાઈ ગઈ. તેમને નથી કોઈ મેડિક્લેમનો આધાર કે નથી પરિવારની કોઈ બચત. હોસ્પિટલ તરફથી સારવાર માટેનો અંદાજ રૂા.૨.૨૦ લાખનો અપાયો છે.

આપદાને કારણે મુશ્કેલીમાં મૂકાતા લોડાયા પરિવારએ હોસ્પિટલના ઈલાજ ખર્ચ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ જરૂરી કાગળ પત્રો સાથે અરજી કરી છે. જેનો પ્રોસીજર મુજબ અભ્યાસ કરી એક્ષ્પર્ટનો સેકન્ડ ઓપિનિયન લઈ જરૂરી ભંડોળ માટે સંજીવની અરજી નં.૧૬૦ અંતર્ગત ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું છે.

આ અરજી માટે એક અજ્ઞાત દાતાએ રૂા.૭૧ હજારની ઉદાર મદદ પોતાનું નામ જાહેર કર્યા વગર આપી છે તથા રૂા.૨૫ હજાર માતુશ્રી રતનબાઈ નરશી ધરમશી અને માતુશ્રી કસ્તુરબાઈ વિસનજી ધરમશી કચ્છ સુથરી-મુલુંડ હસ્તે એચ.ડી. ફાયર પ્રોટેક્ટ પ્રા.લિ.એ આપ્યા છે. જ્ઞાતિમાં આવી પરગજુ પરમાર્થી અને ઈતરના દર્દને પોતીકો સમજવાની ભાવના ધરાવતા સજ્જનોને લીધે આજ સુધી ૧૫૯ સંજીવની કેસ જ્ઞાતિ પરિવારો માટે સંજીવની રૂપ થયું છે. સદર કેસ નં.૧૬૦ પણ વહેલી તકે જરૂરી મદદના ભંડોળથી છલકાઈ જશે એવો વિશ્વાસ છે. નવા વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભના દિવસોમાં જ્ઞાતિના વરિષ્ઠ હરેશભાઈ લોડાયા વહેલી તકે મદદરૂપ થઈ સારવાર કરી જલદી સ્વસ્થ થઈ પરત પોતાના ઘરે જાય એવી આશા આપીએ.



શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ
Shree K.D.O. Students Association
જ્ઞાતિની એકમાત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા
BLOOD
DONATION
DRIVE
Give life to others
SUNDAY
10 NOV
2024
TIMMING
9:00 AM
To
5:00 PM
GHATKOPAR AND DOMBIVLI
CENTERS - SPONSORED BY
In Loving Memory of Ku. DHAVAL LODAYA
Haste - Matushri Jayaben Motilal Lodaya Parivaar
(Moti Khavdi - Ghatkopar)
MULUND CENTER - SPONSORED BY
Matushri Bayabai Govindji Lodaya Parivaar
Haste - A.Sau Anita Jivraj Lodaya (Moti Khavdi - Thane)
SAVE LIVES
DONATE BLOOD
GHATKOPAR
Shri. Virji Ladhabhai KDO
Jain Vidyarthi Gruha
VLVG Hostel, Laxmi Niwas,
Cama Lane, Ghatkopar (west),
Mumbai - 400 086
Dombivli
Sheth Shri. K. B. Vira High School
Krishna Radha Society,
Shahid Bhagat Singh Road,
Dombivli (East),
Thane - 421 201
MULUND
Vijay Society Hall
Ground Floor
Dr. Ambedkar Road,
Mulund (West),
Mumbai - 400 080
Follow us on #SHREEKDOVS

# શ્રી સુથરી તીર્થે દંતાણી તીર્થની રથયાત્રાનું સ્વાગત તથા વધામણાં કરાયા









દિવાળીના પાવન તહેવારોની ઉજવણી વચ્ચે પ્રવર્તક પ.પૂ.શ્રી મલયસાગરજી મ.સા. તથા પ.પૂ.મુનિરાજશ્રી રત્નાકર સાગરજી મ.સા. અને સ્થાવીર પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સુથરી તીર્થે તા.૩૧ ઓક્ટોબર ગુરૂવારના શ્રી દંતાણી તીર્થની રથયાત્રાનું ઉત્સાહભેર સ્વાગત કરી હરખ સાથે વધામણાં કરાયા હતા. સંઘના ભાવિક ભાઈ બહેનો આ અવસરનો ધન્ય ધન્ય લાભ લીધો હતો.


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રર્વતક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**
**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

• સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

**સૌજન્ય : કલ્પેશ મોતા-રાપરગઢ (કચ્છ) - ઘાટકોપર (મુંબઈ)**

# ચાલીસગામ સંઘમાં શ્રી સીમંધર સ્વામી પૂજનની ધર્મ આરાધના ભાવપૂર્વક થઈ





તા.૨૯ ઓક્ટોબર મંગળવાર આસો વદ ધનતેરસના પવિત્ર દિને શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન શ્વેતાંબર ટ્રસ્ટ ચાલીસગામ મધે ખાનદેશ રત્નાશ્રી ચાલીસગામ તિર્થોધ્ધારિકા પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.આદિ ઠાણા-૨ની પાવન નિશ્રામાં શ્રી સીમંધર સ્વામી પૂજનની ધર્મ આરાધનાઓ શ્રી કેડીઓ હોલ ચાલીસગામ મધે રાખવામાં આવેલ.

સંઘના બહુવિધ સંખ્યામાં ભાવિક ભાઈ બહેનો ઉપસ્થિત રહી ધન્ય લાભ લીધો હતો.





# કોઠારા નગરે દંતાણી તીર્થની રથયાત્રાનું સ્વાગત કરી વધામણાં કરાયા





દીપોત્સવી પર્વના પાવન દિવસે તા.૩૧ ઓક્ટોબર ગુરૂવારના અબડાસાની મોટી પંચતીર્થીના ઐતિહાસિક તીર્થ કોઠારા નગરે શ્રી દંતાણી તીર્થની રથયાત્રાનું ભવ્ય ભાવ સાથે સ્વાગત કરી હર્ષ ભાવ સાથે વધામણાં પ.પૂ.સાધ્વીશ્રી જયધર્માશ્રીજી મ.સા.ની પુનીતકારી નિશ્રામાં કરાયા હતા.

# શ્રી દંતાણી તીર્થની રથયાત્રાનું નલિયા નગરે સ્વાગત સાથે વધામણાં કરાયા




તા.૩૧ ઓક્ટોબર ગુરૂવાર દિને અબડાસા પંથકના મુખ્ય નગર નલિયા તીર્થે દંતાણી તીર્થની રથયાત્રાનું સ્વાગત કરી ભવ્ય ઉત્સાહ સાથે પ.પૂ.સાધ્વીશ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૩ની પાવનકારી નિશ્રામાં વધામણાં કરાયા હતા.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી નવેમ્બર- ડીસેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૮ થી ૧૦ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન વારાપધર સ્થાને. |
| તા. ૧૦ નવેમ્બર ૨૦૨૪ | સવારે ૮ કલાકે શ્રી ક.દ.ઓ.જ્ઞાતિ મુંબઈ મહાજન દ્વારા સગપણ સેતુ પરિચય મિલનનું આયોજન ભાંડુપ મધે મેવાડ કેસરી ભવન હોલ |
| તા. ૧૦ નવેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમિક્ષા શતાબ્દી નિમિત્તે સન્માન સમારોહ સવારે ૧૦.00 થી બપોરે ૩.00 ક. : શ્રી નારાણજી શામજી મહાજન વાડી, માટુંગા |
| તા. ૧૫ થી ૧૭ નવેમ્બર ૨૦૨૪ | જખૌ તીર્થમાં ત્રિદિવસીય પરમાત્મ ભક્તિમય મહોત્સવ તથા જખૌ વાસીઓનું સ્નેહ મિલન. |
| તા. ૧૫ થી ૧૮ નવેમ્બર ૨૦૨૪ | જખૌમાં મુનવર પરીવારોની કુળદેવી શ્રી અંબેઆઇ માતાજીના મંદિરે તથા નવ નિર્મિત શ્રી ભીખુપીર દાદાના મંદિરે મુનવર પરીવારોના ભુવાજીશ્રીના બાના બદલી તથા માતાજીની પુનઃ પ્રતિષ્ઠા સહ વિવિધ કાર્યક્રમ. |
| તા. ૨૩ નવેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. હિરલ શૈલેશ નરશી પીર લોડાયા, બાયઠ : દિક્ષા મહોત્સવઃ ભાંડુપમાં |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪, | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૯ થી ૧૧ ડીસેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. જિનલ રવિન્દ્ર નરશી લોડાયા, નલિયા-ચોપડાનું દિક્ષા મહોત્સવ, ચાલીસગામ. |
| તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૪ | કોટડી મહાદેવપુરીમાં ધ્રોળ પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદા સ્થાનકે ધ્વજારોહણ મહોત્સવ |

# તિરૂપુર સંઘના શ્રી સુવિધિનાથ દેરાસર મધ્યે શ્રી મહાકાલી દેવી અનુષ્ઠાન અને નવા વરસે દ્વારોધ્ધાટન કરાયું



દક્ષિણ ભારત પ્રાંતના શ્રી તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ દેરાસરમાં ચાતુર્માસ બિરાજમાન પ.પૂ. સાધ્વી ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં તા.૨૯ ઓક્ટોબર મંગળવાર ધનતેરસના પવિત્ર દિને મહામાયા માતાશ્રી મહાકાલી દેવી અનુષ્ઠાનનું ભવ્ય ભાવ સાથે આયોજન કરાયું હતું.


તા.૧ નવેમ્બર શુક્રવારના દિવાળી નવા વરસના દિને સવારે ૫.૩૦ કલાકે વીર પ્રભુ નિર્વાણ કલ્યાણ કી સંવેદના ત્યાર પછી જિનાલય દ્વારોધ્ધાટન સવારે ૬.૦૫ કલાકે માતુશ્રી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા પરિવારે લાભ લીધેલ ત્યાર બાદ સવારે ૯.૩૦ વાગે શ્રી ગૌતમ સ્વામી લબ્ધિ પૂજનની ધર્મ આરાધનાઓનું આયોજન કરેલ જે બપોરના ૧ વાગે સુધી ચાલેલ હતી. ધર્મ આરાધનામાં બહોળી સંખ્યામાં ધર્મપ્રેમી ભાવિક ભાઈ બહેનો ભાગ લીધો હતો.

સકલ સંઘ માટે સ્વામિવાત્સલ્ય શ્રી સંઘ તરફથી રાખવામાં આવેલ સમગ્ર કાર્યક્રમની બધી જ વ્યવસ્થિત વ્યવસ્થા શ્રી સુવિધિનાથ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા કરાઈ હતી.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્નેહલતાબેન નાગડા**
તા.૨૭ ઓક્ટો. (ઉ.૭૬)
નલિયા-થાણે



**રતનશીભાઈ ધુલ્લા**
તા.૨૮ ઓક્ટો. (ઉ.૮૮)
સુથરી-ઘાટકોપર



**નૂતનબેન જાધવ**
તા.૨૮ ઓક્ટો. (ઉ.૩૯)
રંગપુર-મુલુંડ
હિંમતલાલ શિવજી ખોનાની પુત્રી



**વિજયભાઈ છેડા**
તા.૨૯ ઓક્ટો. (ઉ.૭૫)
સુથરી-ડોંબિવલી



**ઉમરશીભાઈ મૈશેરી**
તા.૩૧ ઓક્ટો. (ઉ.૮૪)
લાલા-અંબરનાથ



**માણેકજીભાઈ લોડાયા**
તા.૪ નવેમ્બર (ઉ.૮૪)
સાંધવ-મુલુંડ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ઈન્ડોનેશિયામાં ૧૯મા નેશનલ કોંગ્રેસ ઓફ પેડિયાટ્રિક હેલ્થ સાયન્સિસ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય પીડિયાટ્રિક એસોસિએશનના પ્રમુખ અને ગાંધીધામના બાળરોગ નિષ્ણાત ડૉ.નવીન ઠક્કરને એવોર્ડ એનાયત કરાયો. આ એવોર્ડ બાળ આરોગ્યમાં અસાધારણ સિધ્ધિ અંગે આઈ.પી.એસ.સેન્ટ્રલ સમિતિ દ્વારા બાળકોના સ્વાસ્થ્યમાં તમામ ઉત્કૃષ્ટ યોગદાન બદલ અપાયો. નોંધપાત્ર છે કે એવોર્ડ મેળવનાર બાળરોગ નિષ્ણાત ડૉ.નવીન ઠક્કરને અનેક સંસ્થા દ્વારા વિવિધ જગ્યાએ અનેક એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત કોરોના કાળમાં રસીકરણ ટાસ્ક ફોર્સમાં પણ તેમણે મહત્વનું યોગદાન આપ્યું હતું. કોરાના સામે રક્ષણ માટે સૌ પ્રથમ રસી પણ તેમણે લીધી હતી.

● બંદરીય શહેર માંડવીની કન્યા કેળવણી સમર્પિત જૂની શાળા શેઠ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયના આચાર્યા હંસાબેન મણિશંકર પંડ્યાને અમદાવાદના ટાગોર હોલમાં યોજાયેલ સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતમાં શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત થયો. આ વર્ષે કચ્છ જિલ્લામાંથી એકમાત્ર હંસાબેન પંડ્યાને રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મળ્યો છે. એમ.એ.,એમ.એડ. સુધીનો અભ્યાસ કરનારા હંસાબેન ૨૦૦૨થી આજ સુધી માંડવીના શેઠ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયમાં ફરજ બજાવે છે. તેમજ છેલ્લા ૧૭ વર્ષથી પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવી રહ્યાં છે. શિક્ષણ સાથે સહ અભ્યાસની વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીનીઓ તથા શિક્ષકોને ભાગ લેવા માટે કાર્ય કરે છે. ખાસ કરીને એક પણ વિદ્યાર્થીની શિક્ષણ મેળવવા માટે પાછી ન પડે તે માટે પૂરતા પ્રયાસો કરી રહ્યાં છે.

● મૂળ ભુજના અને છેલ્લાં અઢી દાયકાથી લંડનના સ્થાયી થયેલા ક્રિશ અને આર્યન મુકેશ ભટ્ટ આ બંન્ને ભાઈઓ બાળ કાઉન્ટી સ્પર્ધામાં બોલિંગ, બેટિંગ અને ફિલ્ડીંગમાં ઉજ્જવળ દેખાવ જારી રાખ્યો છે. ક્રિશ ભટ્ટે ચાલુ સિઝનમાં નોર્થ મારટન ક્રિકેટ ક્લબ વતીથી રમીને અલગ અલગ મેચોના ફોર્મેટમાં કુલ્લ ૧૦૭૦ રન બનાવ્યા તથા એનસીએલ ટી-ટવેન્ટીમાં ૨૦ થી વધુ વિકેટ ઝડપીને ટીમને વિજેતા બનાવવામાં ચાવી રૂપ ભૂમિકા ભજવી હતી. તો તેના લઘુ બંધુ આર્યન ભટ્ટે શ્રોબેરી ફેસ્ટિવલ ૨૦૨૪માં અન્ડર ૧૧ કાઉન્ટી સ્પર્ધામાં ચેમ્પિયન થઈ અને ચાર મેચમાં આર્યન ૮૭ રન કરી સાત વિકેટ ઝડપી હતી. નોંધવા જેવી વાત એ છે કે ક્રિશ-આર્યનના પિતા મુકેશ રસિકલાલ ભટ્ટ ઈંગ્લેન્ડની કાઉન્ટી ક્રિકેટ ક્લબમાં મજબૂત પ્રદર્શન કરીને એશિયન ખેલાડી તરીકેના અનેક વિધ ખિતાબ મેળવી ચૂક્યા છે. તો ક્રિશ-આર્યનના દાદા રસિકભાઈ ભટ્ટ પણ ક્રિકેટ વીર રમત વીર તરીકેની નામના ધરાવે છે.

● કચ્છ જિલ્લા કુદરતી આપતિઓ પૂર, વાવાઝોડા, સુનામી, ભૂકંપ સહિતની આફતો જોઈ ચૂક્યો છે. આવી પરિસ્થિતિમાં દરિયા કાંઠાળ વિસ્તારમાં વસતા લોકોને આશ્રય મળી રહે તે માટે મસ્કા તથા માંડવી નજીક કાઠડાના રસ્તે એમ બે સ્થળે ૭.૮૮ કરોડના ખર્ચે સાયકલોન સેન્ટર બનાવી દેવાયા અને તે ગત વર્ષે ઓગસ્ટ ૨૦૨૩માં કામ પૂર્ણ થઈ ગયું પણ લોકાપર્ણની રાહ જોતાં અવવારૂ જગા હોય તે રીતે લેભાગુ તત્વો તેનો ગેરઉપયોગ કરીને નુકસાની કરી રહ્યાં છે. આમ સાયક્લોન સેન્ટર લોકાપર્ણ પહેલાં ખંડિયર બની રહ્યાં છે. આ વર્ષે ચોમાસામાં પૂર પરિસ્થિતિ સર્જાઈ ત્યારે શોભાના ગાંઠિયા બની રહ્યાં હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

● ઓગસ્ટ માસમાં મોમ્બાસા ખાતે હૃદયરોગના હુમલાથી અવસાન પામેલ મૂળ કચ્છી ઉદ્યોગપતિ યુગાન્ડા-કેન્યાના ઉદ્યોગપતિ હસુભાઈ કાનજી પટેલના કાર્યોને બિરદાયતો ઠરાવ કેન્યન સંસદમાં પસાર કરી સિમેન્ટ-કોરૂગેટસ શિટ ઉદ્યોગના મહારથી તથા આફ્રિકન દેશમાં ઉદારપણે સેવા કાર્યો કરનારની યાદ કરી અંજલિ આપી હતી. સાંસદો એ કેન્યાએ એક દયાળુ લોકસેવક, મહેનતુ નેતા અને સાચા સપુતને ગુમાવ્યો હોવાની લાગણી વ્યક્ત કરી હતી.




# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA